અરજી નં.૩૫૩ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી રમેશભાઈ લક્ષ્મણભાઈ ડાંગરદિવે
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ આઈ ડી. નં.૩૮૨ તા.૯–૧–૦૯ની શ્રી રમેશભાઈ લક્ષ્મણભાઈ ડાંગરદિવેની અરજીથી સંત તુકારામ સોસાયટી કો.ઓ.હા.સો.લિ. સર્વે નં.૫૧/૧,૫૧/૨ ,અને બીજા સર્વે નંબરોના પ્લાન પાસ કરેલ ઠરાવની બે નકલ તેમજ લે આઉટની બે નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૩/૨૦૦૮–૦૯

શ્રી રમેશભાઈ લક્ષ્મણભાઈ ડાંગરદિવેની આઈ ડી. નં.૩૮૨ તા.૯–૧–૦૯ની અરજીથી સંત તુકારામ સોસાયટી કો.ઓ.હા.સો.લિ. સર્વે નં.૫૧/૧,૫૧/૨,અને બીજા સર્વે નંબરોના પ્લાન પાસ કરેલ ઠરાવની બે નકલ તેમજ લે આઉટની બે નકલની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૧૧૬૬ તા.૭–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં૩૫૧ તા.૧૭–૩–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી તા.૨૮–૫–૧૯૮૧ ના રોજ ગ્રામ પંચાયત પાલનપુરમાં થયેલ ઠરાવ ક્રમાંક ૩(૧) સંત તુકારામ સોસાયટી કો.ઓ.હા.સો.લિ. ના થયેલ ઠરાવ લે આઉટ પ્લાન તથા બાંધકામ પ્લાન રજૂ થયેલ છે જે સંત તુકારામ સોસાયટી સર્વે નં.૫૧/૧,૫૧/૨,અને બીજા સર્વે નંબરોના પ્લાન પાસ કરેલ ઠરાવની બે નકલ તેમજ લે આઉટની બે નકલની માંગણી કરેલ છે. તથા અરજદારે સદર ઠરાવની નકલ રજુ કરેલ છે. જેના અનુસંધાને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૦ તા.૨૯–૧–૦૯ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં ગ્રામ પંચાયતમાંથી મળેલ રેકર્ડની ચકાસણી કરતાં સને૧૯૮૧ ની સાલની કોઈ ઠરાવ બુક તેમજ મંજુર પ્લાનની નકલ અત્રેની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાયેલ નથી તેવી માહિતી આપેલ છે તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં.૩૬૪ તા.૧૯–૩–૦૯ થી અત્રે મોકલેલ પૂરક વિગતોમાં છેલ્લું સીટીનું હદ વિસ્તરણ થતાં મોજે પાલનપુર વિસ્તારનો સમાવેશ સુરત મહાનગરપાલિકામાં થતાં પ્રશ્નવાળી મિલ્કતનો કોઈ રેકર્ડ સુડા ધ્વારા મહાનગરપાલિકાને સુપ્રત કરેલ હોવાનું કચેરીના દફતર પરથી જણાયેલ નથી તેવું જણાવેલ છે. અરજદાર ધ્વારા અપીલ અરજી સાથે ઠરાવની નકલ મોકલેલ છે. સામાન્ય રીતે કાર્યક્ષેત્ર વિસ્તરણ સાથે દફતર તબદીલ– હવાલા–આપ–લેના આદેશો પણ હોય જ. વધુમાં આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) (બી) અન્વયે સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ જાહેર સત્તા મંડળ પાસેના દફતરની વિગતો વેબ સાઈટ ઉપર મુકવાની અને પ્રકાશિત સ્વરૂપે રાખવાની આદેશાત્મક જોગવાઈ છે. તથા કલમ–૬(૩) હેઠળ માહિતી માંગતી અરજી કે તેનું વિષય વસ્તુ અન્ય જાહેર સત્તા મંડળ કે તેના કાર્યક્ષેત્રને લગતું હોય તો વહેલામાં વહેલી તકે પરંતુ ૫ દિનથી મોડા નહીં તેવી રીતે અરજી લાગત જાહેર સત્તા મંડળને તબદીલ કરવાની રહે છે. જે જોગવાઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અનુસરાયેલી જણાતી નથી. પરિણામે અરજદાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી મેળવવાનો હકદાર થાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએ આવી કોઈ માહિતી કે ઈન્કાર પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ ન હોય આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ યોગ્ય માહિતી પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) નાયબ કલેકટર અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો) અને વીજીલન્સ એન્ડ ઈન્સપેકશન .. જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશભાઈ લક્ષ્મણભાઈ ડાંગરદિવે ,